॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોશીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર સુદ : ૦૫ | મંગળવાર | તા.: ૨૯.૧૧.૨૦૨૨ | SDP No. : 950 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

કડોદરા મહાયજ્ઞ માં પધારેલ કેન્દ્રીય સમાજના અગ્રણીઓ

૧૦૮ કુંડી મહાયજ્ઞ માં યજમાન પદે ભાણજીભાઇ કડોદરા જે શ્રી સમાજ ના ઉપપ્રમુખ પદે છે અને ગૌરાંગ ધનાંણી સમાપન સમારોહ માં ઉપસ્થિત કેન્દ્રીય સમાજ ના પ્રમુખ અબજીભાઈ કાનાણી, ટ્રસ્ટી - ગોપાલભાઇ ભાવાણી, મહામંત્રી- પરસોતમ ભગત સાથે CA ચંદ્રકાંત અને દક્ષિણ ગુજરાત ઝોન સમાજ ના પ્રમુખ રમેશભાઇ પારસિયા, સુરત સમાજ નાં પ્રમુખ ઝવેરભાઈ , સહમંત્રી ભવન જાદવાણી, સાથે અન્ય કાર્યકરો નું સ્વાગત સન્માન .. પીઠાધિસ્વરી મહારાજ નાં સહયોગી, ડોકટર કિરણ કમબોજ અને તેમની ટીમ. આ પ્રસંગ માં સમગ્ર બાબત અલોકીક અને અદભુત.

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન સમાજ બદલાપુર (મુંબઈ)

તા.૨૭-૧૧-૨૦૨૨ ના રોજ શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન સમાજ બદલાપુરનું ૨૫ મુ સમુહ મિલન ઉજવવામાં આવેલ હતું.

સમાજની સ્થાપના ૧૯૯૦ મા કરવામાં આવી હતી. અત્યારે લગભગ સમાજની વસ્તી ૮૫૦ ની આસપાસ છે. એવીજ રીતે આ સમાજ થી એક સંગઠન ૨૦૧૬ માં અલગ થઈને એક મીક્સ સંગઠન ની રચના કરેલ છે. જેમાં એટલીજ સંખ્યાની આસપાસ છે.

હાલ માં સમાજનું પ્રમુખ પદ ની જવાબદારી મંગલદાસ મૂળજીભાઇ ગોરાણી કચ્છ માં દેવપર(યક્ષ) જેઓ છેલ્લા ૧૦ વરસ થી પદધર્મ શોભાવે છે. મહામંત્રી પદે હાલે ભરતભાઈ વિશનજી સેંઘાણી (દરસડી) કાર્યરત છે.

કોરાના કાળના બે વરસ છોડીને આ ૨૫ મો સમુહ મિલન નો પ્રસંગ થયો. સવાર નાસ્તા બાદ પ્રમુખશ્રી તથા મહિલા મંડળ તથા યુવક મંડળ ના પ્રમુખ અને મહામંત્રી ના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને શ્રી ઉમિયા માતાજી તથા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની આરતી મહિલા મંડળ ની બહેનો દ્વારા ગાવામાં આવી હતી.

ત્યારબાદ સમાજના બાળકો તથા બહેનો દ્વારા શ્રીમતી નવલબેન અશ્વિન રામજીયાણી ના નેત્રુત્વ માં સાંસ્કૃતિક પ્રોગ્રામ રજુ કરવામાં આવેલ હતો. જેમાં સમાજ ના બાળકો ને એંકરીગ સોંપવામાં આવેલ જે અદ્ભુત રીતે બાળકો એ નિભાવ્યું હતું.

આખા દીવસ ના પ્રોગ્રામ દરમ્યાન બપોર ના ભોજન બાદ બે થી પાંચ ની વચ્ચે યુવક મંડળ ના ભાઈઓ દ્વારા વિવિધ રમતગમત નું આયોજન કરવામાં આવેલ હતું. જેનું સંચાલન મહામંત્રી રીતેશ પોકારે કરેલ હતું. તેમને અશોક પોકાર,

નીલેશ રામજીયાણી, જયેશ લીંબાણી, નીલેશ લીંબાણી વગેરેએ સાથ સહકાર આપેલ હતો. સાંજે પાંચ વાગ્યે સરસ્વતી સન્માન તથા દાતાઓ ના સન્માન નો પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો.જેમાં સમાજ ના વિદ્યાર્થી નર્સરી થી ઊચ્ચ ગ્રેજ્યુએશન સુધી ના વિધાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા.

ત્યારબાદ સમાજની આખા વર્ષ ની ગતિવિધિ ની માહીતી મહામંત્રી, ભરતભાઈ સેંઘાણી એ આપી હતી.

ભરતભાઈ સેંઘાણી એ સમાજ દ્વારા રદ્દી સે સમુધ્ધી કાર્યક્રમ વિષે યુવક મંડળ ના પ્રયાસો ના વખાણ કરેલ હતા. એવીજ રીતે યુવક મંડળ ના મહામંત્રી, રિતેશ પોકારે યુવક મંડળ નો વાર્ષિક અહેવાલ આપ્યો હતો. આગામી જાન્યુઆરી ૨૦૨૩ માં યુવક મંડળ પરિવાર કપ હર વર્ષની જેમ યોજવા જૈઈ રહ્યું છે. જેનું સર્વેને ઉપસ્થિત રહેવાનું આગોતરા આમંત્રણ આપેલ હતું.

મહિલા મંડળ નો અહેવાલ શ્રીમતી લીલાબેન નાકરાણી એ રજુ કરેલ હતો.

અંતે પ્રમુખ શ્રી મગનભાઈ ગોરાણી એ પોતાના સમાપન ભાષણમાં હાલમાં સમાજ માં ચાલતા ભાગેડુ અન્ય જ્ઞાતિ માં થતા લગ્ન સામે લાલબત્તી ધરી હતી અને સાંપ્રત સમાજ ના દાખલા આપી ને ચેતવણી આપેલ હતી. ત્યારબાદ રાષ્ટ્રગીત ગાઈ ને સભા પુર્ણ જાહેર કરવામાં આવી હતી.

રાત્રે ભોજન લઇને પરસ્પર ચર્ચાઓ કરીને સૌ છુટા પડ્યા હતા.

સંયોજક ,
મગનભાઈ મુળજી ગોરાણી.

બદલાપુર સમાજ માં વિદ્યાર્થી ને પ્રોત્સાહિત કરતા અગ્રણીઓ

યુવા મંડળ - વ્યારા દ્વારા આયોજીત "એક કદમ જિંદગીકી ઓર"

તારીખ ૨૫/૧૧/૨૦૨૨ ના સાંજે ૯.૩૦ કલાકે ક.ક.પા. યુવા મંડળ વ્યારા દ્વારા એક કદમ જિંદગી કી ઓર ખૂબ જ સારો અને જીવનમાં ઉપયોગી એવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણી સમાજના સમાજ સેવી એવા યુવાસંઘ નાં યુવા ઉત્કર્ષ મિશન PDO અને *વક્તા ડો. મુક્તિબેન લીંબાણી દ્વારા જીવન કેવી રીતે જીવવું એ સરસ રીતે સમજાવ્યું હતું.

આ કાર્યક્રમમાં સમાજના જે સભ્યોએ ભાગ લીધો હતો એમને કાર્યક્રમના વખાણ કર્યા હતા. જિંદગી ખુશી ખુશી કઈ રીતે જીવવી, બાળક, પિતા અને દાદા વચ્ચેનો જનરેશન ગેપ કઈ રીતે હેન્ડલ કરવો, પરિવારના અને સમાજના સૌને સાથે લઈ કઈ રીતે ચાલવું, સામાજીક ભાવના રાખવાથી શું ફાયદો થાય જેવા ઘણા બધા સમજવા જેવા અને જીવનમાં ઉતારવા જેવા મુદ્દાઓ અલગ અલગ એક્ટિવિટી કરાવી ગમ્મત સાથે ડો.મુક્તિબેન લીંબાણી દ્વારા ખૂબ જ સરળ ભાષામાં સમજાવવામાં આવ્યા હતા. જે સભ્યો હાજર રહી શક્યા ન હતા એમણે ઘણું ગુમાવ્યું અને જે સભ્યો હાજર હતા એમને આવા કાર્યક્રમ સમયાંતરે થતા રહે એવી આશા વ્યક્ત કરી હતી.

વ્યારા - વિશાલ નાકરાણી,
(રીજીયન ચીફ સેક્રેટરી)
#TogetherWeCan

CSR રીજીયન માં મિશન અભિમન્યુ

પિમ્પરી ચીંચવડ સમાજ અંતર્ગત ગત રોજ તારિખ ૨૭-૧૧-૨૦૨૨, રવિવાર

મિશન અભિમન્યુ - અપૂર્ણ નહિ પરિપૂર્ણ કાજે બાળ સંસ્કાર કેન્દ્ર નું માતૃ શક્તિઓ દ્વારા આયોજન કરવામાં આવેલ. જેમાં લક્ષ્મીનારાયણ ભગવાન ની આરતી, શ્લોક, ધ્યાન, ૐ કાર નાદ, બાળગીત, વાર્તા, રમત -ગમત, રાષ્ટ્રગાન કરી પુર્ણાહુતી કરવામાં આવી.સ્થાનિક સમાજ ની મહિલાઓ જે મેન્ટોર ની ભૂમિકા માં રહી ગુરુ ભાવ સાથે સેવા અર્પણ કરે છે -

નિમિક્ષા લીંબાણી | હેમાલી છાભૈયા | બીના છાભૈયા
સંગીતા લીંબાણી | ચંદ્રિકા છાભૈયા

મિશન અભિમન્યુ, રાજનાદગાવ

રાજનાદગાંવ પાટીદાર સમાજના મિશન અભિમન્યુના સત્રમાં બાળકોએ ૐ નાદ, પ્રાણાયામ, ધ્યાન, શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની આરતી, શ્લોકો, હંમેશા સકારાત્મક રહેવાનું વગેરે ની માહિતી અને અંતમાં રાષ્ટ્રગાન અને ગેમ્સ સાથે સત્ર ખૂબ જ ઉત્સાહપૂર્વક સર્વે બાળકોએ ભાગ લીધેલ હતો.



નીતિન પટેલ નું હિંમતનગર માં પાટીદાર સાથે બેઠક

તારીખ 29-11-2022 મંગળવાર સવારે 10.30 કલાકે આપણા હિંમતનગરમાં માનનીય શ્રી નિતીન ભાઇ પટેલ માજી ડેપ્યુટી સી.એમ. લોક સંપર્ક માટે પધારવાના હોય આપ સૌ પાટીદાર મિત્રો મોટી સંખ્યા મા હાજર રહેવા વિનંતી છે ત્યાર બાદ કાર્યક્રમ ના અંતે સૌ સાથે મળી ભોજન લઈશું..

સ્થળ - ઉત્સવ પાર્ટી પ્લોટ, નવા રોડ.
સમય- તારીખ 29-11-2022 ના
રોજ સવારે 10.30 કલાકે

શ્રી ક.ક.પા. લક્ષ્મીનારાયણ
સનાતન સમાજ પ્રમુખશ્રી/મંત્રીશ્રી

અવસાન નોધ

સ્વ. ગોપાલભાઈ રાજા રૂડાણી
ઉંમર 81 વર્ષ | તા. 27/11/2022
કચ્છમાં : વિથોણ સ્થાનિક

સ્વ. રવજીભાઈ અરજણ વાસાણી
ઉંમર 85 વર્ષ | તા. 27/11/2022
કચ્છ માં : વિરાણી (ગઢ) | હાલે : બોરીવલી - મુંબઈ

સંક્ષિપ્ત સમાચાર

આંદામાન અને નિકોબાર માટે સબમરીન કેબલ જોડાણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 10મી ઑગસ્ટ, 2020ના રોજ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે આંદામાન અને નિકોબાર ટાપુઓને સબમરીન ઓપ્ટિકલ ફાઇબર કેબલ (OFC) મારફતે મુખ્ય ભૂમિ સાથે જોડ્યો હતો. આ પ્રારંભની સાથે જ, ચેન્નઇથી પોર્ટ બ્લેર સુધી, પોર્ટ બ્લેરથી લઘુ આંદામાન સુધી અને પોર્ટ બ્લેરથી સ્વરાજ ટાપુઓના મોટાભાગના પ્રદેશોમાં સેવાઓની શરૂઆત થઇ છે.

રૂ. 1,224 કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ માટેનો શિલાન્યાસ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 30મી ડિસેમ્બર, 2018ના રોજ પોર્ટ બ્લેર ખાતે કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે સબમરીન કેબલ આંદામાન અને નિકોબારને સસ્તી અને વધુ સારી કનેક્ટિવિટી તથા ડિજિટલ ઇન્ડિયાના તમામ લાભો ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ સાબિત થશે. ખાસ કરીને તે ઑનલાઇન શિક્ષણ, ટેલિ-મેડિસિન, બેન્કિંગ વ્યવસ્થા, ઑનલાઇન ટ્રેડિંગ અને પ્રવાસનને ગતિ પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર સમુદ્રમાં વ્યવસાય કરવામાં સરળતાને પ્રોત્સાહન આપવા અને દરિયાઇ સામાનની હેરફેરને સરળ બનાવવા માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તેમણે વધુ ઊંડાઇ ધરાવતાં અંતરિયાળ બંદરના ઝડપી નિર્માણ અને ગ્રેટ નિકોબારમાં અંદાજિત રૂ.10 હજાર કરોડના ખર્ચે જહાજ પરિવહન બંદર બાંધવાના પ્રસ્તાવનો પણ ઉલ્લેખ કર્યો હતો. ■

17 કરોડ માનવદિનોની રોજગારીનું સર્જન કરાયું

કોવિડ-19 મહામારીના કારણે ગામડાંઓમાં પરત ફરી રહેલા સ્થળાંતરિત કામદારો અને આજ રીતે ગ્રામીણ વિસ્તારોમાં પ્રભાવિત થયેલા નાગરિકો માટે રોજગારીની તકોનું સર્જન કરવા માટે ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન (GKRA)નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાન છ રાજ્યોમાં 116 જિલ્લાઓમાં રોજગારીની તકોનું સર્જન કરીને ગ્રામવાસીઓને સશક્ત કરી રહ્યાં છે. આ અભિયાનની શરૂઆત 20 જૂન, 2020ના રોજ પ્રધાનમંત્રી દ્વારા કરવામાં આવી હતી. માત્ર છ અઠવાડિયાના સમયગાળામાં જ આશરે 17 કરોડ માનવ દિનની રોજગારીનું સર્જન કરવામાં આવ્યું છે અને રૂ.13,250 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

62,532 જળ સંરક્ષણ નિર્માણો, 1.74 લાખ ગ્રામીણ આવાસો અને 2,222 સામુદાયિક સ્વચ્છતા પરિસરો સહિત અત્યાર સુધી મોટી સંખ્યામાં માળખાકીય સુવિધાઓનો વિકાસ કરવામાં આવ્યો છે. ■

એપ ઇનોવેશન ચેલેન્જના પરિમાણો જાહેર

7 ઑગસ્ટ, 2020ના રોજ આત્મ નિર્ભર ભારત એપ ઇનોવેશન ચેલેન્જના પરિણામો જાહેર કરવામાં આવ્યાં હતા. 4 જુલાઇ, 2020ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારત એપ ઇનોવેશન ચેલેન્જની જાહેરાત કરી હતી. આ ચેલેન્જમાં સમગ્ર ભારતમાંથી તકનિકી સાહસિકો અને સ્ટાર્ટ-અપમાંથી 6,940 નામાંકનો પ્રાપ્ત થયા હતા. આ ચેલેન્જ અંતર્ગત 24 જેટલી એપને પુરસ્કૃત કરવામાં આવી છે અને અન્ય 20 એપની ઓળખ 'સ્પેશિયલ મેન્શન' તરીકે ભવિષ્યની સંભવિત એપ તરીકે કરવામાં આવી છે. ■

ગ્રામીણ વિસ્તારો સુધી પોસ્ટ ઓફિસ બચત યોજનાનો વિસ્તાર કરાયો

ગ્રામીણ વિસ્તારોમાં પોતાના નેટવર્ક અને પોસ્ટલ કામગીરીઓને મજબૂત બનાવવા અને ગામડાઓમાં વસતી વિશાળ જનસંખ્યાને નાની બચત યોજનાની સુવિધા પૂરી પાડવા પોસ્ટ વિભાગે શાખા પોસ્ટ કચેરીના સ્તર સુધી તમામ નાની બચત યોજનાઓનો વિસ્તાર કર્યો છે. આ નવી વ્યવસ્થા શાખા પોસ્ટ કચેરીઓ થકી ગ્રામીણ જનતાને પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, માસિક આવક યોજના, રાષ્ટ્રીય બચત પ્રમાણપત્રો, કિસાન વિકાસ પત્ર અને વરિષ્ઠ નાગરિક બચત યોજનાઓની સુવિધા પૂરી પાડશે. ■

સુરત શહેર માં વડા પ્રધાન નું આગમન કેકેપી કાર્યકર દ્વારા

મોદીજી ૨૭ નવેમ્બર નાં સુરત પધાર્યા ત્યારે સુરત માં કુલ ૩૦ વોર્ડ ના સંગઠન પ્રમુખ અને મહામંત્રી ઓ ને જ તેમને આવકાર અને સત્કાર સાથે વેકલમ કરવાની તક મળી..

આ છે ભાજપ નો નાના વોર્ડ ના સંગઠન પ્રમુખ અને મંત્રી ને પણ મળવાની એક અમૂલ્ય તક.

મોટા ભાગે મોટા ગજાના ને સહેર નાં નેતાઓ આ કામ કરે પણ તેના બદલે જેની કર્મઠ ભૂમિકા છે તેવા પાયાના કાર્યકર ને આ સરાહનીય તક આપવામાં આવી.

કચ્છ કડવા પટેલ નું સુરત શહેર માં રાજકીય હસ્તીઓ સાથે નો મજબૂત ઘરોબો છે પણ સાથે પાયાના કાર્ય માં સહયોગી બનતા આવા સંગઠન નાં કાર્યકર ની જવાબદારી માં મૂળ સિયોત નાં હાલે ભેસ્તાન સુરત નાં કાંતિભાઈ ઉત્તમ કાર્યકર છે. આવનાર સમય માં તેઓ ની કાર્યની સેવાની જરૂર પાર્ટી કદર પણ કરસે અને સામાજિક વિશેષ રીતે આપણે સહુ પણ આ વિષય ને લીધે ચર્ચા પણ કરી શકશો..

અભિનદન કાંતી રૂડાણી, સુરત..

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજી ને મળવા નું અહોભાગ્ય.

ખુબ ખુબ અભિનંદન કાન્તિભાઈ રૂડાણી,
વોર્ડ ૨૯ નાં સંગઠન મહામંત્રી સુરત

નવસારી માં મોદીજી નું સ્વાગત કરતા સમાજના મોવડી શંકરભાઈ સાંખલા

શંકરભાઇ સાખલા, (વિજલપોર) નવસારી જિલ્લા સંગઠન મંત્રી અને ગણદેવી તાલુકા પ્રભારી સાથે બીલીમોરા બીજેપી કાર્યકર જેઓ તારીખ 21-11-2022 રોજ નવસારી અગ્રવાલ કોલેજ ની બાજુમાં આવેલા હેલિપેડ થી માનનીય વડાપ્રધાન મોદી જી નું સ્વાગત સન્માન આદર સાથે વેલકમ કરવાની તક મળી..

ભાજપ નો આજ તો ભરોશો છે જે કામ કરશે તે મોટો વ્યક્તિ છે..કર્મવાદ માં માનતા આ પાર્ટી ને જીતવાનો સંકલ્પ લેવડાવ્યો અને પ્રજા પર વિજય નો ભાર સોંપવામાં આવેલ.

દિનેશ લીંબાણી, દક્ષિણ કર્ણાટક રીજીયન ચેરમેન નો રદ્દી સે સમૃદ્ધિ નો સંકલ્પ

રદ્દી સે સમૃદ્ધિમારો સંકલ્પ - ૫૧૧ કિલો

શ્રી સમાજ નાં વિકાસ અને વ્યવસ્થા અને સનાતની સમજણ નાં અધિવેશન ની સાર્થકતા કાજે મારું અને મારા પરિવાર નું નાનકડું રદ્દી નું યોગદાન .511 KG હું સનાતની શતાબ્દી મહોત્સવ જાજરમાન બને અને આ સંગઠન નાં સેતુ માં મારું યોગદાન અર્પણ કરતા ગૌરવ ની લાગણી અનુભવું છું..

ફેમિલી નબર 447863 | પરીવાર સભ્ય સંખ્યા 12
ગામ હાલ : chikmagalur |
નામ; દિનેશ લીંબાણી | સેલ નબર : 9449820985
કચ્છ નું ગામ: રસલિયા | સમાજ નું નામ : મલનાડ
ઝોન સમાજ નું નામ, DKT દક્ષિણ કર્ણાટક ઝોન
સહિ Dinesh Naribhai Limbani

હું નમિતા હિતેશ માધાણી. મિશન અભિમન્યુ ની ગુરુ, મિશન ટીમ સંયોજિકા, પ્રચારિકા તથા મિશન ગુરુ પ્રશિક્ષિકા.

राजकमल के प्राचार्य को स्मृति ईरानी ने किया सम्मानित

धनबाद | वरीय संवाददाता

राजकमल सरस्वती विद्या मंदिर राजकमल के प्राचार्य फूल सिंह को केंद्रीय शिक्षामंत्री स्मृति इरानी ने पुरस्कृत किया। यह पुरस्कार उन्हें सीबीएसइ टीचर्स अवार्ड के तहत दिया गया। झारखंड में संचालित विद्या भारती के स्कूलों में यह सम्मान केवल राजकमल स्कूल के प्राचार्य को ही मिला है।

शिक्षक दिवस की पूर्व संध्या पर आयोजित कार्यक्रम में फूल सिंह को प्रमाणपत्र के साथ-साथ 25 हजार रुपए का चेक भेंट किया गया। शिक्षक दिवस पर विज्ञान भवन नई दिल्ली में आयोजित होने वाले राष्ट्रीय शिक्षक सम्मान समारोह में भी फूल सिंह भाग लेंगे। उनके साथ विद्यालय के अध्यक्ष श्याम सुंदर चौधरी भी हिस्सा लेंगे। यह पुरस्कार देशभर के

राजकमल के प्राचार्य फूल सिंह को सम्मानित करती केंद्रीय शिक्षामंत्री स्मृति ईरानी।

सीबीएसइ स्कूलों में बेहतर करने वाले प्राचार्य को दिया जाता है। इस सम्मान पर प्रतिक्रिया व्यक्त करते हुए प्राचार्य फूल सिंह ने कहा कि यह सम्मान मेरा नहीं बल्कि उन लोगों का है जिन्होंने स्कूल की दशा एवं दिशा बदली है। प्राचार्य ने घोषणा करते हुए कहा कि उनको मिली राशि को वह 2015 में विद्यालय टॉपर बनने वाले किसी छात्र को देंगे।

RSS ની વિદ્યા ભારતી તથા સમર્થ શિક્ષા સમિતિ દ્વારા સંચાલિત રાજકમલ સરસ્વતી વિદ્યા મંદિર ની ભૂતપૂર્વ વિદ્યાર્થી રહી ચૂકી છું.

જે ગર્વ સાથે આ સર્વે ઉપાધિઓ ને વર્ણિત કરી રહી છું તેનો આધાર આ રાષ્ટ્ર સેવા સંઘ ની વિદ્યા ભારતી સંચાલિત સ્કૂલ ની એક છાત્રા રહેવાનો પણ કહી શકાય.

ભૂમિમાં વાવેલ બીજ ની ગુણવત્તા ઉત્તમ હોય તો જ એક સુંદર, મજબૂત અને ફળદાયી વૃક્ષ નિર્મિત થાય છે.

સર્વે વ્યક્તિ વિશેષ ને યોગ્ય સમય ઉપર યોગ્ય સંસ્કાર શિક્ષણ મેળવવું અત્યાવશ્યક છે અને સંસ્કારિત થવા હેતુ ઉત્તમ સમૂહ, શાળા અને સંસ્થા નો યોગ તથા સંયોજન આવશ્યક છે.

સંસ્કારી શૈક્ષણિક શાળા , સમૂહ અને સંસ્થા નો યોગ આપણા વ્યક્તિત્વ નું શુદ્ધ તથા શ્રેષ્ઠતમ રુપ નિર્મિત કરે છે. જે જીવન માં સદૈવ ઉપયોગી બને છે.

આવા સંસ્કારિત સમૂહ તથા સંસ્થા ના યોગ બળે પ્રાપ્ત થયેલ ગુણો ની સદુપયોગિતા દ્વારા વ્યક્તિ માત્ર સમાજ જ નહિ અપિતુ પૂર્ણ રાષ્ટ્ર અને સમગ્ર વિશ્વ ને પણ માર્ગદર્શિત કરવાનો કાર્ય કરી શકે. સંસ્કારિત તથા લક્ષ્યવાન સમૂહ સદૈવ તથા નિરંતર આપણને કશાક વિશેષ, અસામાન્ય તથા વિશાળ કાર્યો કરવા માટે પ્રેરિત કરતા હોય છે.

જેવી રીતે રાજકમલ વિદ્યાલય ને અમારા પ્રાચાર્ય ના શ્રેષ્ઠ નેતૃત્વ તથા નિર્દેશન ના સંયોગ દ્વારા એક રાષ્ટ્રીય ઓળખ પ્રાપ્ત થઈ , તેવી જ રીતે આપણા મિશન ને પણ આપણા સહુ ના દૃઢ સંકલ્પ થી પ્રાપ્ત થનાર સામાજીક પ્રબળ એકરૂપતા ની રાષ્ટ્રીય ઓળખ મળે તેવી અભિલાષા છે.અને આ લક્ષ્ય ને પૂર્ણ કરવામાં આપણી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ નો ખૂબ જ સરસ યોગદાન પ્રાપ્ત થયો છે તેનો હાર્દિક આભાર છે. અને ભવિષ્યમાં પણ મળતો રહેશે તેવી આપળા સમાજ થી સહયોગ ની અપેક્ષા છે.

આ લક્ષ્યવેધી અભિયાન માં યોગદાન આપનાર સર્વે વ્યક્તિઓ ને આગ્રહ છે કે આપણો ઉત્સાહ સદૈવ બન્યો રહે તેવા પ્રયત્ન સાથે અગ્રસર થઈએ તથા મિશન ને સફળતા ની સર્વોચ્ચ ઊંચાઈ પર લઈ જવામાં સહયોગી બનીએ.

જય મિશન અભિમન્યુ
હર એક સમાજ માં મિશન અભિમન્યુ
હર એક ઘર વિવેકાનંદા - અર્જુન - અભિમન્યુ

મિશન ગુરુ
નમિતા માધાણી,
માપૂસા ગોવા

એક માણસ, બે ચહેરા અને આજીવન થાક...!

ખૂન કરવું એ પ્રતિષ્ઠા ગણાય ?
ચોરી કરવી અને પકડાવું નહીં, તે ઈજ્જત ગણાય?

એક જમાનામાં કેટલાક ખાસ લોકોમાં એવાં લક્ષણો વિશિષ્ટ ગણાતાં હતાં. જો ઉપર કહ્યું તેવું ન કર્યું હોય, તો તેને કોઈ કન્યા આપતું નહીં. અને આ નિરીક્ષણ "માણસાઈના દીવા"ના હીરો પૂજ્ય રવિશંકર મહારાજે જાતે નોંધ્યું છે.

તેમણે એવા જ કેટલાક અપરાધ વૃત્તિના લોકોને સુધારવાનો યજ્ઞ શરૂ કર્યો, ત્યારે વડોદરામાં એક પૂર્વ અંગ્રેજ પોલીસ ઓફિસર તેમને મળવા આવ્યા હતા. તેનું નામ હતું એક્વીનો. તેણે મહારાજને કહેલું કે જેન્ટલ મેન, તમે લોકોને સુધારો, તો એ ખ્યાલ રાખજો કે રખે તમારી સુધારણાને કારણે એ લોકોની આંખોમાં જે ઓરીજીનાલિટી છે, જે તેજ છે, તે ઓલવાઈ ન જાય!!

આપણે કેવા અનેરા મિશ્રણના પિંડ છીએ! ખુદને ખરાબ કંઈ સ્વીકાર્ય નથી, અને ખરાબી આચરીને જીવન સરળ બનતું હોય, તો તેમ કરવામાં આપણને કોઈ પરહેજ નથી !

મારે એમ. એ.ની પરીક્ષા આપવાની હતી. કેટલાંક સંદર્ભ પુસ્તકો મેળવવા શહેરની ખ્યાતનામ લાઇબ્રેરીમાં મુલાકાત લીધી. વિધિવત્ પ્રવેશ મેળવી જ્યારે ગ્રંથોના રૅક પાસે ઊભો રહ્યો, તો હૈયું એક ધબકાર ચૂકી ગયું.

અત્યંત દુર્લભ પુસ્તકોને ઉંદરોએ કોતરી નાખ્યાં હતાં. અને ઉપર ઊભરાતી લીંડીઓ સાક્ષી પૂરી રહી હતી, કે ઘણા મહિનાઓથી એ ખૂણામાં ન તો કોઈ વાચક આવ્યો છે, કે ન તો કોઈ ઝાડુ કે ઝાપટિયું આવ્યું છે... કામ લાગે તેવું એક પુસ્તક નજરે ચડ્યું. તે ખોલીને ક્રમિકા અનુસાર જે તે નિબંધ શોધવા તે પાના પર ગયો, ત્યાં 15 પાનાનો આખો નિબંધ બ્લેડ મારીને "ચોરી" લેવામાં આવ્યો હતો! આવાં અનેક મહત્ત્વનાં પાનાંઓ વિના જે પુસ્તકો રૅકમાં દેખાતાં હતાં, તે જીવતી લાશ જેવાં લાગી રહ્યાં હતાં.

શિક્ષણ માટે મૂલ્યોને કાતરી ખાવાની આવડત આપણને માણસાઈના કેવા સ્તરે બેસાડે છે? જો ખુદને સુવિધા મળતી હોય તો આપણે બધી જ સારપને સળગાવી શકીએ તેમ છીએ, અને તે પણ પૂરી સહજતાથી!!

કવિ જયંત પાઠકની માફી સાથે- "ખાવા" માટે "ખવડાવે",
ભૈ માણસ છે!
ખુશી થવા એ "નવડાવે"
ભૈ માણસ છે!

ત્રેવડ વિના, માંગી-ભીખીને ભેગી કરેલી લક્ઝરી માણસના કેવા બેહાલ કરે છે, તે જાણવું હોય તો તાજેતરમાં જ એક બિલ્ડરે કરેલી આત્મહત્યા પૂર્વેની ચિઠ્ઠી વાંચી જોજો:

"જીવન ધોરણ ઊંચું રાખવાની લાહ્યમાં મેં લોન લીધે રાખી, અને હવે હું કોઈપણ કાળે ભરી શકું તેમ નથી. દુનિયાને દેખાડવા માટે મેં મારી જિંદગીને જાતે જ નરક બનાવી છે. કોઈને દોષ આપશો નહીં. અલવિદા!" વાતમાં મુદ્દો એ છે કે જીવન ધોરણ ઊંચું રહે તે સ્વીકાર્ય છે, પણ બીજાના ખર્ચે, બીજાને ડુબાડીને, બીજાની મજબૂરીનો લાભ ઉઠાવીને ? જો એ જ રીતે સફળતા તરફ વધી શકાતું હોત, તો તેમાં ક્યાંય "જીવન" પણ નથી, અને "ધોરણ"(સ્તર) પણ નથી...

જમાઈ વિદેશથી પરણવા આવવાનો હતો. દીકરીને વળાવવાના હરખમાં બાપે સાત ટકાના દરે રૂપિયા છ લાખ વ્યાજે લીધા. દીકરીએ પણ ના પાડી, અને જમાઈએ પણ ના પાડી હતી. કારણ કે એક લાખ રૂપિયાની પણ ત્રેવડ ન હતી પરંતુ દેખાદેખીના અભરખાં લાખોમાં ઊડતા હતાં. આખરે વ્યાજ ભરતાં ભરતાં માત્ર અઢી વર્ષના સમયમાં એ વડીલે ઘર કે શેર સર્ટિફિકેટ જ નહીં, ચમચી અને સાણસી સુધ્ધાં વેચવાનો વારો આવ્યો હતો...

અને દેખાદેખીમાં બિલ્ડરો, એમ્બ્રોઇડરીના કારખાનેદારો, હીરા કે ટેક્સટાઇલના વ્યવસાય માલિકો જ જકડાયેલા હોય તેવું નથી... પ્લમ્બર, ફીટર કે કડિયા કામ જેવા નાનાં-મોટાં કામ કરનારાઓ પણ બાકાત નથી... મધ્યમ વર્ગની એક ગૃહિણીએ એટલા માટે આત્મહત્યા કરી કે "મને દર અઠવાડિયે હોટલમાં ખાવા લઈ જતા નથી, પિક્ચર બતાવતા નથી, ને મહિને એકાદ જોડ મને ગમતા કપડાં ખરીદવાની મારા પતિની કોઈ ઔકાત નથી..."

રોજે રોજ બનતી આવી ઘટનાઓ સમાજના હળવા થી ભારે ગણાતા તમામ વર્ગના મનનો એક્સ રે બતાવે છે.

શું આપણે જરૂરત અને લક્ઝરી વચ્ચેનો ભેદ પારખવામાં નિષ્ફળ ગયા છીએ?

જાણીતા લેખક અને ચિંતક દિનકર જોષીએ એક કિસ્સો બયાન કર્ય